For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in




## વડોદરામાં રૂા.7,092 કરોડના રોકાણ પર મહોર, 1,210 નવી રોજગારીનું સર્જન થશે

# વાઈબ્રન્ટ ગુજરાતથી મધ્ય ગુજરાતને ઔદ્યોગિક બૂસ્ટ

વડોદરાઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં વડોદરામાં યોજાયેલી 'વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ'ના પ્રથમ દિવસે મધ્ય ગુજરાત માટે રૂ. 7,092 કરોડના સૂચિત રોકાણ અને 1,210 નવી રોજગારીના સર્જનને વેગ આપતા મહત્વપૂર્ણ સમજૂતી કરારો (MoUs) થયા હતા. કાર્યક્રમમાં કેન્દ્રીય કેબિનેટ મંત્રી મનોહર લાલ ખટ્ટર, ગૃહમંત્રી હર્ષ સંઘવી, રાજ્ય સરકારના મંત્રીઓ, મુખ્ય સચિવ તથા વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ રોકાણો રાજ્યના સંતુલિત ઔદ્યોગિક વિકાસને નવી દિશા આપશે અને મધ્ય ગુજરાતને મેન્યુફેક્ચરિંગ તેમજ ટેક્નોલોજી હબ તરીકે વધુ મજબૂત બનાવશે.

### પેટ્રોકેમિકલ્સ, એન્જિનિયરિંગ અને AI ક્ષેત્રે મોટા ઉદ્યોગગૃહોની રોકાણ પ્રતિબદ્ધતા

#### GSFC, Polycab, Rubamin સહિતના ઉદ્યોગો કરશે હજારો કરોડનું રોકાણ

પરિષદમાં GSFC દ્વારા ફોસ્ફોરિક એસિડ, સલ્ફ્યુરિક એસિડ, એન્જિનિયરિંગ પ્લાસ્ટિક અને અલ્ટ્રા-પ્યોર એસિડ પ્રોજેક્ટ માટે કુલ રૂ. 4,475 કરોડના રોકાણની જાહેરાત કરવામાં આવી. જ્યારે પોલીકેબ ઈન્ડિયા લિમિટેડ વડોદરામાં બે ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ માટે રૂ. 2,002 કરોડનું રોકાણ કરશે, જેના પરિણામે 670 લોકોને સીધી રોજગારી મળશે. ઉપરાંત રુબામિન ઈન્ડિયા પ્રા. લિ. દ્વારા ક્રિટિકલ મિનરલ રિસાયકલિંગ ક્ષેત્રે રૂ. 615 કરોડનું રોકાણ કરવામાં આવશે.IIT ગાંધીનગર સાથે MSME ક્ષેત્રમાં 'ઈન્ડસ્ટ્રી 4.0' અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન માટે સહયોગ તેમજ IBM ઈન્ડિયા અને ઇન્ડિયન AI રિસર્ચ ઓર્ગેનાઈઝેશન સાથે ઇન્ડસ્ટ્રીયલ AI માટે 'સેન્ટર ઓફ એક્સેલન્સ' અને 'લિવિંગ લેબ્સ' સ્થાપવા અંગે પણ મહત્વપૂર્ણ કરારો કરવામાં આવ્યા.

#### AI અને MSMEને મળશે નવી ગતિ

- IIT ગાંધીનગર સાથે Industry 4.0 સહયોગ
- IBM અને Indian AI Research Organisation સાથે AI સેન્ટર ઓફ એક્સેલન્સ
- MSMEના ડિજિટલ ટ્રાન્સફોર્મેશનને મળશે વેગ
- સ્થાનિક યુવાનો માટે હાઈ-ટેક રોજગારીની નવી તકો

#### સરકારી યોજનાઓની પણ ઝાંખી

પ્રદર્શન દરમિયાન ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ (GSFC), વડોદરા મહાનગરપાલિકા (VMC) અને ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન સહિતની સરકારી સંસ્થાઓએ પોતાની યોજનાઓ અને વિકાસલક્ષી પહેલોનું પ્રદર્શન કર્યું છે.આ પ્રદર્શન મધ્ય ગુજરાતની ઔદ્યોગિક ક્ષમતા, સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ અને ટેક્નોલોજી આધારિત વિકાસને વૈશ્વિક રોકાણકારો સમક્ષ રજૂ કરતું મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બન્યું છે.

| વાઈબ્રન્ટ ગુજરાતના મુખ્ય રોકાણકારો | ₹4,475 | ₹2002 | ₹615 |
|---|---|---|---|
| (રૂપિયા કરોડમાં) | GSFC | Polycab India Ltd | Rubamin Pvt. Ltd. |

### રોકાણ અને રોજગારીને મળશે નવી ગતિ

# મધ્ય ગુજરાત સહિત આઠ રાજ્યમાં સ્થળોએ બનશે આધુનિક GIDC



વડોદરા : વડોદરામાં યોજાયેલી વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સમિટ દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના સંતુલિત ઔદ્યોગિક વિકાસને વધુ વેગ આપવા ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં કુલ 3,611 એકર વિસ્તારમાં નવા સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ્સ વિકસાવવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. આ પહેલથી રોકાણ આકર્ષવા, સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અને રોજગારીની નવી તકો ઊભી કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. મધ્ય ગુજરાત સહિત આઠ સ્થળોએ નવા સ્માર્ટ GIDC વિકસશે જાહેરાત મુજબ ખેડા જિલ્લાના મહિજ (130.3 એકર), સરખેજ (332.7 એકર), મહિસા (18.5 એકર) અને અંઘાડી (310.9 એકર) ખાતે નવા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ્સ વિકસાવવામાં આવશે. ઉપરાંત અમદાવાદ જિલ્લાના માંડલ (515.2 એકર), પંચમહાલ જિલ્લાના નદીસર (105.5 એકર), છોટાઉદેપુર જિલ્લાના ઉંડવા (247.1 એકર) તથા ભાવનગર જિલ્લાના મોણપુર (1,950.7 એકર) ખાતે પણ આધુનિક સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ્સ ઊભા કરાશે. રોકાણ, રોજગારી અને પ્રાદેશિક વિકાસને મળશે વેગ રાજ્ય સરકારના આ નિર્ણયથી મધ્ય ગુજરાત સહિત વિવિધ વિસ્તારોમાં નવા ઔદ્યોગિક રોકાણને પ્રોત્સાહન મળશે. નવી ઉત્પાદન એકમો, પૂરક ઉદ્યોગો અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ સાથે સ્થાનિક યુવાનો માટે રોજગારીની નવી તકો સર્જાશે.

### કુલ 250 ઝીરો-એમિશન બસોની ભેટ મળશે

## વડોદરાના જાહેર પરિવહનમાં 'ગ્રીન રિવોલ્યુશન'નો પ્રારંભ

વડોદરા : 'ક્લીન સિટી - ગ્રીન સિટી'ના સંકલ્પને વધુ મજબૂત બનાવતા વડોદરા શહેરને આજે આધુનિક અને પર્યાવરણમૈત્રી જાહેર પરિવહનની મહત્વપૂર્ણ ભેટ મળી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કેન્દ્રીય કેબિનેટ મંત્રી મનોહરલાલ ખટ્ટરની ઉપસ્થિતિમાં GSFC યુનિવર્સિટી ગેટ નં. 1 ખાતેથી PM e-Bus સેવા અંતર્ગત 30 નવી એર-કન્ડિશન્ડ ઈલેક્ટ્રિક બસોને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું.આ કાર્યક્રમ 'વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ'ના ભાગરૂપે યોજાયો હતો.કેન્દ્ર સરકારે અગાઉ મંજૂર કરાયેલી 100 બસોના સ્થાને હવે વડોદરા માટે કુલ 250 એસી ઈલેક્ટ્રિક બસો મંજૂર કરી છે. પ્રથમ તબક્કામાં 130 બસો ફાળવવામાં આવશે, જેમાંથી 30 બસો આજે સેવા માટે રવાના કરવામાં આવી છે.નવી ઈલેક્ટ્રિક બસો ઝીરો-એમિશન ટેક્નોલોજીથી સજ્જ હોવાથી શહેરમાં કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થશે અને પ્રદૂષણમુક્ત પરિવહનને પ્રોત્સાહન મળશે. બસો સંપૂર્ણ એર-કન્ડિશન્ડ અને અવાજરહિત હોવાથી મુસાફરોને આરામદાયક મુસાફરીનો અનુભવ મળશે.બસોમાં આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જેમાં–CCTV કેમેરા, ડ્રાઈવર મોનિટરિંગ સિસ્ટમ, પેસેન્જર કાઉન્ટિંગ સિસ્ટમ, GPS આધારિત લાઈવ ટ્રેકિંગ, પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ, ડિજિટલ ટિકિટિંગ, UPI, સ્માર્ટ કાર્ડ અને મોબાઇલ એપથી ચુકવણી, ફાયર એક્સટિંગ્વિશર અને ફર્સ્ટ એઈડ કિટ જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે.

### 150થી વધુ સ્ટોલ ધરાવતા પ્રદર્શનનું CMના હસ્તે ઉદ્ઘાટન

વડોદરાના GSFC યુનિવર્સિટી ખાતે યોજાયેલી 'વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ' દરમિયાન અત્યાધુનિક પ્રદર્શનનો ભવ્ય પ્રારંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યો. આ પ્રસંગે કેન્દ્રીય વીજ મંત્રી મનોહરલાલ ખટ્ટર, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, કૃષિ મંત્રી જીતુ વાઘાણી, આદિજાતિ રાજ્યમંત્રી નરેશ પટેલ અને મુખ્ય સચિવ મનોજકુમાર દાસ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.પ્રદર્શનના ઉદ્ઘાટન બાદ મુખ્યમંત્રી અને મહાનુભાવોએ વિવિધ સ્ટોલની મુલાકાત લઈને પ્રદર્શનકારો સાથે સંવાદ કર્યો અને તેમના નવતર પ્રયાસોને બિરદાવ્યા. પ્રદર્શનમાં મધ્ય ગુજરાતના ઉદ્યોગો, સ્ટાર્ટઅપ્સ અને સરકારી સંસ્થાઓના 150થી વધુ સ્ટોલ્સ ગોઠવવામાં આવ્યા છે, જેમાં અદ્યતન ટેક્નોલોજી, ગ્રીન એનર્જી, કૃષિ, ફૂડ પ્રોસેસિંગ અને સરકારી યોજનાઓની ઝાંખી જોવા મળી રહી છે.

### 'ગ્લોબલ ગેટવે ઓફ ફ્યુચર' તરીકે ગુજરાતની નવી ઓળખ

વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સમિટમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આવતીકાલની જરૂરિયાતોનો વિચાર આજથી જ કરવો પડે છે," અને આવી દીર્ઘદ્રષ્ટિ દેશને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વથી મળી છે. તેમણે જણાવ્યું કે પીએમ મોદીએ ગુજરાતને માત્ર વેપારનું રાજ્ય નહીં, પરંતુ વિશ્વસ્તરીય રોકાણનું કેન્દ્ર બનાવ્યું છે. તેમના નેતૃત્વ હેઠળ 'રેડ કાર્પેટ ફોર ઈન્ડસ્ટ્રી'ની નીતિ અપનાવી ગુજરાત આજે 'ગ્લોબલ ગેટવે ઓફ ફ્યુચર' તરીકે વિશ્વમાં આગવી ઓળખ ઉભી કરી રહ્યું છે.મુખ્યમંત્રીએ જણાવ્યું કે મધ્ય ગુજરાતમાં યોજાયેલી સમિટ રાજ્યના ઔદ્યોગિક વિકાસને વધુ ગતિ આપશે. તેમણે મધ્ય ગુજરાતને રાજ્યના વિકાસનું 'હૃદય' ગણાવતાં કહ્યું કે વડોદરા આજે પેટ્રોકેમિકલ્સ, એરક્રાફ્ટ અને ઇલેક્ટ્રિક વ્હીકલ (EV) ઉદ્યોગ માટેનું મહત્વનું કેન્દ્ર બની ગયું છે.

### કર્મચારીઓને કાર્યક્રમ સ્થળે પહોંચાડવા રૂટો રદ કરાયા, શહેરીજનોને હાલાકી

# વાઈબ્રન્ટ સમિટ માટે સિટી બસો ફાળવાતા પરિવહન સેવા ખોરવાઈ

વડોદરાઃ શહેરમાં જીએસએફસી યુનિવર્સિટી ખાતે આજથી શરૂ થયેલી બે દિવસીય પ્રાદેશિક વાઈબ્રન્ટ ગુજરાત સમિટના પ્રથમ દિવસે જ એક મોટો વહીવટી વિવાદ સામે આવ્યો છે. આ સરકારી કાર્યક્રમની સફળતા દર્શાવવા અને મોટી સંખ્યામાં હાજરી નોંધાવવાના હેતુથી વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સામાન્ય નાગરિકોની સુવિધાનો ભોગ લેવામાં આવ્યો હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. સમિટમાં કોર્પોરેશનના સેંકડો કર્મચારીઓને હાજર રાખવા માટે શહેરની જાહેર જાહેર પરિવહન સેવા અંતર્ગત દોડતી ૩૫ જેટલી સિટી બસોને અચાનક રૂટ પરથી હટાવી લેવામાં આવતા સમગ્ર શહેરમાં પરિવહન વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી અને મુસાફરો ભારે હાલાકીમાં મુકાયા હતા. મળતી વિગતો અનુસાર, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે આ પ્રાદેશિક વાઈબ્રન્ટ સમિટનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૯ જેટલા વિવિધ વિષયો આધારિત સેમિનારોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૧૫૧ થી વધુ નિષ્ણાતો માર્ગદર્શન આપવાના છે. જોકે, આ હાઈ-પ્રોફાઈલ ઈવેન્ટમાં પાંખી હાજરી ન દેખાય તે માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ દ્વારા એક અજીબોગરીબ આદેશ જાહેર કરવામાં આવ્યો હતો. આ આદેશ અંતર્ગત કોર્પોરેશનના વિવિધ વિભાગોના કર્મચારીઓને ફરજિયાતપણે પોતાના યુનિફોર્મમાં સમિટ સ્થળે હાજર રહેવાની કડક સૂચના આપવામાં આવી હતી. કર્મચારીઓને કચેરીઓથી કાર્યક્રમ સ્થળ સુધી સમયસર પહોંચાડવા માટે શહેરીજનો માટેની ૩૫ સિટી બસો ફાળવી દેવાઈ હતી. કોર્પોરેશનના આ તઘલખી નિર્ણયને કારણે વડોદરાના વ્યસ્ત ગણાતા એવા અનેક સ્થાનિક રૂટો પર દોડતી બસો અચાનક જ રદ કરી દેવામાં આવી હતી. દૈનિક ધોરણે સિટી બસ પર નિર્ભર રહેતા નોકરિયાતો, શ્રમિકો અને ખાસ કરીને શાળા-કોલેજે જતા વિદ્યાર્થીઓ કલાકો સુધી બસ સ્ટેન્ડ પર અટવાઈ પડ્યા હતા. પૂર્વ સૂચના વિના રૂટ રદ થવાના કારણે જનતામાં વહીવટી તંત્ર સામે ભારે રોષ જોવા મળ્યો હતો.

## ગરમીનું તાપમાન ૩૮.૨ ડીગ્રી નોંધાયું

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29

વડોદરાના નગરજનો કાળઝાળ ગરમીનો સામનો કરી રહ્યા છે. પ્રિમોન્સૂન એક્ટિવિટી શરૂ થઈ ગઈ છે. ત્યારે, સોમવારે શહેરનું મહત્તમ તાપમાન સામાન્ય કરતાં 3.1 ડિગ્રી વધુ 38.2 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 4.0 ડિગ્રી વધુ 31.0 ડિગ્રી નોંધાયું હતું. છેલ્લા 24 કલાકમાં વરસાદ નોંધાયો નથી અને ભેજનું પ્રમાણ સવારે 63% અને સાંજે 43% રહ્યું હતું. હવામાન વિભાગની 7 દિવસની આગાહી મુજબ, 29 જૂનથી 5 જુલાઈ સુધી વડોદરામાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. આજથી 2 જુલાઈ સુધી હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે, જ્યારે 3 જુલાઈથી 5 જુલાઈ દરમિયાન ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. આગામી દિવસોમાં મહત્તમ તાપમાનમાં ઘટાડો થશે. 3 જુલાઈએ મહત્તમ તાપમાન 36 ડિગ્રી અને 4-5 જુલાઈએ 35 ડિગ્રી સુધી નીચે આવવાની શક્યતા છે.

### જીવતા પાછા નહીં જાઓ તેવી વકીલને ધમકી

# હજયાત્રાના નામે ધારાશાસ્ત્રી સાથે રૂ.૧૦.૩૦ લાખની ઠગાઈ

વડોદરા : હજ યાત્રા કરવા ઈચ્છતા વકીલ સહિત દંપતી સાથે લાખોની છેતરપિંડી કરવામા છે. આજવા રોડ વિસ્તારમાં રહેતા અને દિવાળીપુરા કોર્ટમાં વકીલાત કરતા અલ્તાફહુસેન ગુલામમહંમદ શેખે આરોપ મૂક્યો છે કે, તેમને અને તેમની પત્નીને 2026ની હજ યાત્રા પર મોકલવાનું કહી વડોદરા અને સુરતના ટુર એન્ડ ટ્રાવેલ્સના સંચાલકોએ રૂ.10.30 લાખ પડાવ્યા હતા. જોકે, હજ યાત્રા માટે માન્ય વિઝા અને એર ટિકિટ આપવામાં આવી ન હતી. રૂપિયા પરત માંગતા ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આજવા રોડ ઉપર આવેલી મહેમણ કોલોનીમાં રહેતા એડવોકેટ અલ્તાફહુસેન શેખ અને તેમની પત્નીએ મે-2026માં હજ યાત્રા કરવા માટે વડોદરાની અલમુતહા ટુર એન્ડ ટ્રાવેલ્સનો સંપર્ક કર્યો હતો. ટુર સંચાલકોએ સુરત સ્થિત એસ.એસ. હજ કોર્પોરેશન ટુર એન્ડ ટ્રાવેલ્સ સાથે મળીને પ્રતિ વ્યક્તિ રૂ.5 લાખનું પેકેજ નક્કી કર્યું હતું. વિશ્વાસમાં લઈ તેમની પાસેથી ચેક, રોકડ, આરટીજીએસ અને ઓનલાઈન ટ્રાન્સફર મારફતે રૂ. 10.30 લાખની રકમ વસૂલી હતી. વકીલને હજ યાત્રા માટે વિઝા લેટર આપવામાં આવ્યા હતા. પરંતુ જ્યારે તેમણે ઓનલાઈન ચકાસણી કરી ત્યારે વિઝા માન્ય હોવાનું જોવા મળ્યું નહીં. ઉપરાંત, હજ યાત્રા માટેની એર ટિકિટ પણ આપવામાં આવી ન હતી. જ્યારે વકીલે પોતાના રૂપિયા પરત માંગ્યા ત્યારે આરોપીઓએ ગાળો આપી, "પૈસા નહીં મળે, તમારાથી થાય તે કરી લેજો, ઓફિસે આવશો તો જીવતા પાછા નહીં જાઓ," તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

### માંજલપુર પેટાચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થયું

# ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ EVMનું ચેકિંગ શરૂ, લોબિંગ તેજ

વડોદરાઃ વડોદરા શહેરની હાઈપ્રોફાઈલ ગણાતી માંજલપુર વિધાનસભા બેઠક પર આગામી સમયમાં યોજાનારી પેટાચૂંટણીને લઈને વહીવટી તંત્ર દ્વારા વ્યાપક સ્તરે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. માંજલપુર બેઠકના ભાજપ ના વરિષ્ઠ ધારાસભ્ય યોગેશભાઈ પટેલના આકસ્મિક અવસાનના કારણે ખાલી પડેલી આ બેઠક પર કાયદાકીય જોગવાઈઓ મુજબ પેટાચૂંટણી યોજવી અનિવાર્ય બની છે. આ સ્થિતિ વચ્ચે ચૂંટણી પંચના આદેશ અનુસાર સ્થાનિક તંત્ર સંપૂર્ણ રીતે સજ્જ બન્યું છે અને ચૂંટણી પ્રક્રિયાના પ્રથમ અને મહત્વપૂર્ણ તબક્કા સમાન ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનના ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. માંજલપુર વિધાનસભા મતવિસ્તારના ચૂંટણી અધિકારી નિહાર ભેટારિયાના સી ધા માર્ગદર્શન અને દેખરેખ હેઠળ ઈવીએમ તેમજ વીવીપેટ મશીનોનું ફર્સ્ટ લેવલ ચેકિંગ ખૂબ જ ઝીણવટપૂર્વક શરૂ કરી દેવામાં આવ્યું છે. આ વહીવટી પ્રક્રિયા આગામી ૨ જુલાઈ સુધી સતત કાર્યરત રહેશે, જેમાં ટેકનિકલ ખામીઓ નિવારવા અને મશીનોની વિશ્વસનીયતા ચકાસવા માટે નિષ્ણાતોની ટીમ તૈનાત કરવામાં આવી છે. સત્તાવાર માહિતી અનુસાર, માંજલપુર મતવિસ્તારના કુલ ૨૬૦ જેટલા મતદાન મથકો માટે સુરક્ષા અને સાવચેતીના ભાગરૂપે બમણી સંખ્યામાં એટલે કે આશરે ૫૨૦ જેટલા ઈવીએમ મશીનો અત્યારથી જ તૈયાર કરવામાં આવી રહ્યા છે, જેથી મતદાનના દિવસે કોઈપણ પ્રકારની ટેકનિકલ અડચણ ઊભી ન થાય. ચૂંટણી પ્રક્રિયા પારદર્શક અને ભયમુક્ત વાતાવરણમાં સંપન્ન થાય તે માટે વહીવટી તંત્ર દ્વારા મશીનોના સંગ્રહસ્થાન અને ચેકિંગ સેન્ટર ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. બીજી તરફ, વહીવટી ગતિવિધિઓ તેજ થતાંની સાથે જ સ્થાનિક સ્તરે રાજકીય માહોલ પણ બરાબરનો ગરમાયો છે. ભાજપના ગઢ ગણાતી આ બેઠક પર ટિકિટ મેળવવા માટે પક્ષના આંતરિક વર્તુળોમાં જોરદાર લોબિંગ અને ખેંચતાણ શરૂ થઈ ચૂકી છે. દાવેદારો દ્વારા અત્યારથી જ પક્ષના મોવડી મંડળ સમક્ષ પોતાની દાવેદારી મજબૂત કરવાના પ્રયાસો તેજ કરી દેવામાં આવ્યા છે.

### ૧૦,૦૨૭ બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ

# એમ.ઈ,એમ ફાર્મ,એમ પ્લાન પ્રવેશ માટે PGCET સંપન્ન

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29

રાજ્ય સરકારના ટેકનિકલ શિક્ષણ વિભાગ હસ્તકની કેન્દ્રિયકૃત પ્રવેશ સમિતિ દ્વારા એમઈ, એમફાર્મ અને એમ.પ્લાન અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે પીજીસીઈટી-2026 તા.27 અને 28 જૂનના રોજ શાંતિપૂર્ણ માહોલમાં લેવાઈ હતી. રાષ્ટ્રીય સ્તરની ગેટ કે જીપેટ પરીક્ષાનો માન્ય સ્કોર ન ધરાવતા ઉમેદવારો માટે આ પરીક્ષા કુલ 5 સેશનમાં યોજાઈ હતી. ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી દ્વારા સંચાલિત આ પરીક્ષામાં કુલ 17 વિદ્યાશાખાઓના પેપર્સ લેવાયા હતા. નોંધાયેલા 4,656 ઉમેદવારોમાંથી 4,241 ઉમેદવારો હાજર રહેતા 91% હાજરી નોંધાઈ હતી. શાખાવાર જોઈએ તો ઈજનેરીમાં 1830 નોંધાયેલા ઉમેદવારો સામે 1579, ફાર્મસીમાં 2803 સામે 2641 અને પ્લાનિંગમાં 23 સામે 21 ઉમેદવાર હાજર રહ્યા હતા. શૈક્ષણિક વર્ષ 2026-27 માટે રાજ્યની 171 સંસ્થાઓની કુલ 10,027 બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાઈ છે. જેમાં ઈજનેરીની 86 સંસ્થાઓની 6405 બેઠકો, ફાર્મસીની 75 સંસ્થાઓની 3333 બેઠકો અને પ્લાનિંગની 10 સંસ્થાઓની 289 બેઠકોનો સમાવેશ થાય છે. ગેટ-જીપેટ સ્કોર ધરાવતા ઉમેદવારોને પ્રવેશમાં અગ્રતા આપવામાં આવશે. બીજી તરફ નાક એક્રેડિટેશન માટે રાજ્યની 28 સરકારી સહિત ઘણી કોલેજો રાહ જોઈ રહી છે. નાક દ્વારા ગ્રેડિંગ સિસ્ટમમાં ફેરફારની જાહેરાત બાદ નવી પદ્ધતિ લાગુ ન થવાને કારણે રાજ્યની 130થી વધુ સરકારી-ગ્રાન્ટેડ કોલેજો નેક માટે લાયક હોવા છતાં અરજી કરી શકતી નથી. વર્ષ 2024માં જૂની પદ્ધતિ બંધ કરી નવી પદ્ધતિ લાગુ કરવાની જાહેરાત થઈ હતી, હજુ સુધી નવી કમિટી કે કાઉન્સિલ રચવા અંગે સ્પષ્ટતા કરાઈ નથી.

## પાણીગેટમાં જૂની અદાવતની તકરાર

વડોદરા : વડોદરાના પાણીગેટ વિસ્તારમાં સામાન્ય બોલાચાલી થોડી જ વારમાં હિંસક ઝઘડામાં ફેરવાઈ હતી. બે ભાઈઓએ યુવકને રસ્તામાં રોકી પહેલા આંખો કાઢીને ઉશ્કેરણી કરી અને બાદમાં ચપ્પુ લઈને આવી હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો આરોપ છે. વડોદરાના વાડી તાઈવાડા વિસ્તારમાં રહેતા ઈશાદ મિયામહમદ મહુડાવાલાએ ફરિયાદ નોંધાવી છે કે તા. 28 જૂનના રોજ રાત્રે આશરે 10 વાગ્યે તેઓ પોતાના મિત્ર મુસ્તકિમ ઉર્ફે કાસમ પુલાવાલા સાથે બાઈક પર પાણીગેટ દરવાજા તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન ઉમંગ સ્ટીલ ફર્નિચરની દુકાન પાસે તંજીલ ઈસ્માઈલભાઈ બાંડવાલા અને દાનિશ ઈસ્માઈલભાઈ બાંડવાલા મળી આવ્યા હતા. બંનેએ ફરિયાદી તરફ આંખો કાઢીને બોલાચાલી કરી હતી. થોડા સમય બાદ બંને આરોપીઓ પોતાના હાથમાં ચપ્પુ લઈને ફરી આવ્યા હતા અને ફરિયાદીને ગંદી ગાળો આપી ઝપાઝપી કરી હતી.

### સ્કોલરશિપ, ફી માળખા અને ATKTમાં રાહતની માગણી

# MSUની HO ખાતે પોલીટેકનિકના વિદ્યાર્થીઓની ત્રણ મુદ્દે રજૂઆત

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29



વિશ્વવિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની હેડ ઓફિસ ખાતે આજે પોલીટેકનિકના વિદ્યાર્થીઓ દ્વારા ત્રણ અલગ અલગ મુદ્દાઓને લઈને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી. પ્રથમ મુદ્દો ટેકનોલોજી ફેકલ્ટીના સંલગ્ન કોલેજોના એસસી,એસટી કેટેગરીના વિદ્યાર્થીઓને લગતો છે. વિદ્યાર્થીઓને સ્કોલરશિપની રકમ હજુ સુધી મળી નથી, જેના કારણે તેઓ ફી ભરી શકતા નથી. ફી ન ભરાઈ શકવાના કારણે યુનિવર્સિટી દ્વારા તેમના રિઝલ્ટ જાહેર કરવામાં આવતા નથી. વિદ્યાર્થીઓની રજૂઆત મુજબ, સરકારી નિયમ પ્રમાણે યુનિવર્સિટી વિદ્યાર્થીઓ પર ફી માટે દબાણ કરી શકે નહીં. રિઝલ્ટ ન આવવાના કારણે વિદ્યાર્થીઓને આગળના અભ્યાસક્રમમાં મુશ્કેલી પડી રહી છે. બીજી તરફ, સમરસ હોસ્ટેલના રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ પણ નજીક આવી રહી હોવાથી વિદ્યાર્થીઓ ચિંતિત છે. બીજો મુદ્દો ટેકનોલોજી ફેકલ્ટીની સંલગ્ન એસએફઆઈ કોલેજોના ફી માળખાને લગતો છે. હાલની ફીનું માળખું એવું છે કે કુલ ફીના અંદાજે 90% ભાગ કોલેજ ફી તરીકે અને માત્ર 10% ભાગ ટ્યુશન ફી તરીકે લેવામાં આવે છે. એમવાય એસવાય સ્કોલરશિપ યોજનાનો લાભ માત્ર ટ્યુશન ફી પર જ મળતો હોવાથી વિદ્યાર્થીઓને ખૂબ જ ઓછી શિષ્યવૃત્તિ મળે છે. વિદ્યાર્થીઓએ માંગ કરી છે કે હાલનું ફી સ્ટ્રક્ચર બદલીને ટ્યુશન ફીનો હિસ્સો કુલ ફીના આશરે 90% તથા કોલેજ ફીનો હિસ્સો આશરે 10% કરવામાં આવે. જેથી એમવાયએસવાય સ્કોલરશિપનો યોગ્ય લાભ વિદ્યાર્થીઓને મળી શકે અને તેમના પરનો આર્થિક બોજ ઘટે. ત્રીજો મુદ્દો નેપ આધારિત ડિટેન પોલિસીમાં રાહત અંગેનો છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી તથા ટેકનોલોજી ફેકલ્ટીમાં ગયા શૈક્ષણિક વર્ષથી નેપ મુજબ ડિટેન પોલિસીમાં રાહત આપવામાં આવી હતી.

### ગુજરાત બોર્ડનો નિર્ણય હવે 4 નહીં, 3 ભાષા ભણાશે

# ધો-૯માં વ્યક્તિ-સમાજજીવન વિષય સાથે નવું ભણતર

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે ધોરણ-9ના અભ્યાસક્રમમાં મોટો ફેરફાર કર્યો છે. શૈક્ષણિક વર્ષ 2027-28થી રાજ્યની તમામ શાળાઓમાં નવું વિષય માળખું લાગુ થશે. જેમાં વ્યક્તિ અને સમાજજીવન નામનો તદ્દન નવો વિષય ઉમેરવામાં આવ્યો છે. નવા માળખા મુજબ હવે વિદ્યાર્થીઓએ 4ના બદલે 3 ભાષાનો જ અભ્યાસ કરવાનો રહેશે.જોકે કુલ વિષયોની સંખ્યા અંગ્રેજી માધ્યમની જેમ જ 10 યથાવત્ રાખવામાં આવી છે. ગુજરાતી માધ્યમની શાળાઓમાં અંગ્રેજી અને અંગ્રેજી માધ્યમમાં ગુજરાતી દ્વિતીય ભાષા તરીકે ભણાવવાનું ચાલુ રહેશે. નવા માળખામાં સમાવિષ્ટ 10 ફરજિયાત વિષયોમાં પ્રથમ ભાષા - શાળાના માધ્યમની ભાષા, દ્વિતીય ભાષા - ગુજરાતી માધ્યમમાં અંગ્રેજી, અંગ્રેજી માધ્યમમાં ગુજરાતી, તૃતીય ભાષા - હિન્દી, સંસ્કૃત, ઉર્દૂ, ફારસી, અરબી, હિબ્રૂ કે ફ્રેન્ચમાંથી કોઈ એક, ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, વ્યક્તિ અને સમાજજીવન, વિજ્ઞાન-ટેક્નોલોજી આધારિત એક વિષય, યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, વ્યાવસાયિક શિક્ષણ અથવા કોમ્પ્યુટર. વ્યક્તિ અને સમાજજીવન' વિષયનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સમાજીક વ્યવહારો, નાગરિકબોધ અને મૂલ્યશિક્ષણ કેળવવાનો છે. ઉપરાંત, દરેક વિદ્યાર્થીએ વોકેશનલ અથવા કોમ્પ્યુટરમાંથી કોઈ એક વિષયની પસંદગી ફરજિયાત કરવાની રહેશે. શારીરિક શિક્ષણને પણ નવા માળખામાં વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. બોર્ડના આ નિર્ણયથી વિદ્યાર્થીઓ પર ભાષાનો બોજો ઘટશે